ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

# GUJARAT UNIVERSITY

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/૪-અ/૪૦૧૮/૨૦૧૫ તા.૩૧-૦૭-૨૦૧૫

પરિપત્ર નં. : ૧૭૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨થી સેમેસ્ટર પદ્ધતિ અમલમાં આવેલ છે. આ કાર્યાલયના તા. ૨૨-૬-૨૦૧૫નાં ક્રમાંક : પરીક્ષા/૬૧૭/૨૦૧૧નાં પરિપત્રથી વાર્ષિક પદ્ધતિની પરીક્ષા એપ્રિલ-૨૦૧૫ સુધી જ લેવામાં આવશે તેમ જાહેર કરવામાં આવેલ હતું. આથી હવે વાર્ષિક પદ્ધતિની પરીક્ષા યોજવાની ન હોઈ, વાર્ષિક પદ્ધતિમાં જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાથી વંચિત રહી જતા હોય તેઓનાં હિત ખાતર કમિટીની નીચે મુજબની ભલામણો મંજૂર કરવામાં આવે છે.

(૧) અનુસ્નાતક કક્ષાએ જે વિદ્યાર્થીઓનું ભાગ-૧નું સત્ર મંજૂર હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર પદ્ધતિના ત્રીજા સેમેસ્ટરમાં સંખ્યાધિક પ્રવેશ આપવો. આવા વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૧ની પરીક્ષા સેમેસ્ટર-૩ સાથે તેમજ સેમેસ્ટર-૨ની પરીક્ષા સેમેસ્ટર-૪ની પરીક્ષા સાથે આપી શકશે અને તેઓને તમામ સેમેસ્ટર પાસ થયા બાદ જ પદવી મળવા પાત્ર બનશે.

(૨) કાર્યાલયના તા. ૪-૭-૨૦૧૨ના પરિપત્રના સંદર્ભમાં જે વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં પ્રવેશ આપવામાં આવેલ હોય અને તે વિદ્યાર્થીએ નીચલા વર્ગની પરીક્ષા પાસ કરવાની બાકી હોય અને ઉપલા વર્ગની પરીક્ષા પાસ કરી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓએ જે તે વર્ગની બન્ને સેમેસ્ટરની પરીક્ષા પાસ કરવાની રહેશે. આ વિદ્યાર્થીઓનું જે તે વર્ગનું સત્ર મંજૂર થયેલ હશે તો માત્ર બન્ને સેમેસ્ટરના આવેદનપત્ર ભરી પરીક્ષામાં પ્રવેશ મેળવવાનો રહેશે.

અનુસ્નાતક કક્ષાએ જે તે વર્ગમાં મેળવેલ યુનિવર્સિટી પરીક્ષાના ગુણના આધારે તેઓનાં આંતરિક ગુણ પ્રો-રેટા મુજબ ગણવાના રહેશે અને સ્નાતક કક્ષાએ વિદ્યાર્થીએ જે તે સમયે મેળવેલ આંતરિક ગુણ પ્રો-રેટા મુજબ બન્ને સેમેસ્ટરમાં ગણવાના રહેશે.

(૩) સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષ વાર્ષિક પદ્ધતિમાં પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને ત્રીજા સેમેસ્ટર માટે પ્રવેશ આપવા માટેનાં ઠરાવો થયેલ છે માત્ર બીજા વર્ષમાં પાસ થયેલ વિદ્યાર્થીને પાંચમા સેમેસ્ટરમાં પ્રવેશ આપવો અને જે વિદ્યાર્થીનું ત્રીજા વર્ષમાં સત્ર ગ્રાન્ટ છે કે Fail છે તેવા વિદ્યાર્થીઓએ માત્ર પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરની પરીક્ષા જ આપવાની રહેશે તેમજ ત્રીજા વર્ષમાં મેળવેલ આંતરિક ગુણ એ પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટર માટે માન્ય રહેશે.

બીજા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ તેમજ અન્ય યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓના છઠ્ઠા સેમેસ્ટરમાં જાહેર કરવામાં આવતાં પરિણામમાં પહેલાથી ચોથા સેમેસ્ટરમાં SGPA (-) દર્શાવવામાં આવે છે. ઉપરાંત રેગ્યુલર તમામ વિદ્યાર્થીને પણ ક્લાસ (વર્ગ) એ માત્ર પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરના પરિણામ ઉપરથી જ આપવામાં આવે છે. આથી આવા તમામ વિદ્યાર્થીઓનું પદવી લેવલનું પરિણામ સેમેસ્ટર-૧થી સેમેસ્ટર-૪નો SGPA (-) દર્શાવી જાહેર કરવાનું રહેશે.

[P.T.O.

(૪) સ્નાતક કક્ષાએ અન્ય યુનિવર્સિટીમાંથી (વાર્ષિક પદ્ધતિમાંથી) આ યુનિવર્સિટીનાં સેમેસ્ટર પદ્ધતિમાં દાખલ થતાં વિદ્યાર્થીઓને સેમેસ્ટર પદ્ધતિમાં એનરોલમેન્ટ કરાવવાનું હોય છે. તેવીજ રીતે આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કે જે વાર્ષિક પદ્ધતિમાંથી સેમેસ્ટર પદ્ધતિમાં આવતા હોઈ તેઓએ પણ ફરજિયાત એનરોલમેન્ટ કરવાનું રહેશે.

(૫) જે વિદ્યાર્થી સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ Annual Patternમાં છેલ્લા વર્ષમાં એટલે કે TY અનુસ્નાતક પાર્ટ-૨માં પાસ છે અને આગળના વર્ગમાં નાપાસ છે. તેવા વિદ્યાર્થીઓને છેલ્લા વર્ષની ડીગ્રી વાર્ષિક પદ્ધતિ મુજબની જ મળવાપાત્ર રહેશે.

(૬) સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમથી છેલ્લા વર્ષ સુધીમાં કોઈપણ એક કે તેથી વધુ પેપર કે વિષયમાં વિદ્યાર્થી Fail હોય તો તેણે જે તે વર્ષના બન્ને સેમેસ્ટરની Whole પરીક્ષા આપવાની રહેશે.

(૭) ઉપરોક્ત ભલામણો એ રેગ્યુલર અને એક્ષટર્નલ બન્ને અભ્યાસક્રમોને લાગુ પડશે..

સદર ભલામણોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬થી આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ વિદ્યાશાખાને લાગુ પડશે.

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

નકલ રવાના :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ.

(૨) યુનિવર્સિટી પ્રસ્થાપિત ભવનો/પી.જી. સેન્ટરનાં અધ્યક્ષશ્રીઓ તરફ.